ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૧૮/૫૬૬૩-૯૮
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર તા.૩૧/૧૨/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની હાજરીની નોંધણી કરતી વખતે ધ્યાનમાં લેવાની બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગની તા.૩૧/૧૨/૨૦૧૮ની રીવ્યુ મિટીંગમાં માન. શિક્ષણમંત્રીશ્રીએ આપેલ સૂચના અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે વિદ્યાર્થીઓમાં બાળપણથી જ દેશભક્તિની ભાવનાનો ગુણ કેળવાય તે હેતુસર તા.૦૧/૦૧/૨૦૧૯થી આપના હસ્તકની ગ્રાન્ટેડ, સરકારી અને સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨માં વિદ્યાર્થીઓની હાજરી શિક્ષકો દ્વારા નોંધણી થતી હોય એ સમયે "યસ સર" કે "પ્રેઝન્ટ સર" ના બદલે "જય હિંદ" કે "જય ભારત" બોલવાની સૂચના આપવા જણાવવામાં આવે છે.

આપની કક્ષાએથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આ પરિપત્રની અમલવારી ચુસ્ત રીતે કરવા અંગે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(બી.એન.રાજગોર)
સંયુકત નિયામકશ્રી
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

નકલ સવિનય રવાના :-

- માન. સચિવશ્રી(શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૭, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.